RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY



# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા તાજેતરમાં માવઠાને કારણે રાજકોટ જીલ્લાના ઉદ્યોગોને થયેલ નુકશાનનું સર્વે કરાવી તાત્કાલીક સહાય ચુકવવા રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી તથા ઉદ્યોગમંત્રીશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવી...

સમગ્ર ગુજરાત રાજયમાં તાજેતરમાં અચાનક તોફાની પવન અને બરફના કરા સાથેનો વરસાદ ત્રાટકયો હતો. જેના કારણે ઘણાં જીલ્લાઓમાં નુકશાન થયેલ છે. ત્યારે રાજય સરકારે આ બાબતને ખાસ ગંભીરતા પુર્વકથી ઘ્યાને લીધેલ છે. જે આવકારદાયક છે.

પરંતુ રાજકોટ સૌરાષ્ટ્રનું હબ હોય તેમજ લાખોની સંખ્યામાં MSME અને મોટા ઉધોગો કાર્યરત છે અને લોકોને રોજી રોટી પુરી પાડી રહયું છે. આ માવઠાને કારણે રાજકોટ જીલ્લાનાં ઉધોગકારોને ભારે ફટકો લાગ્યો છે અને કરોડો રૂપિયાનું નુકશાન થયેલ છે. સરકારશ્રી દ્વારા MSME ઉધોગોને ખુબ જ પ્રોત્સાહીત કરવામાં આવી રહયાં હોય અને તેઓના વિકાસ માટે સતત ચિંતાશીલ હોય ત્યારે આવા ઉધોગોને આવી કુદરતી આફતને કારણે થયેલ નુકશાની સામે તાત્કાલીક રાહત આપવી ખાસ જરૂરી છે. જેથી કરીને તેઓ ઉપર આર્થિક ભારણ ન પડે અને પોતાનો ધંધો સતત ધમધમતો રહે.

આમ આ માવઠાને કારણે રાજકોટ જીલ્લાનાં ઉધોગકારોને જે નુકશાન થયેલ છે તેનો તાત્કાલીક સર્વે કરાવી અને સહાય ચુકવવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી તથા ઉધોગમંત્રીશ્રી બળવંતસિંહ રાજપુતજી સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.